ઉમરેઠના ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે 300 વર્ષ જૂની 'આષાઢી તોલાઈ'નો વરતારો

ચરોતર પંથકમાં મેઘરાજા મન મૂકીને વરસશે, આગામી વર્ષ '૧૮ આની' રહેશે

ડાંગરમાં ૩૧ અને તલમાં ૭૨ પોઈન્ટનો તોતિંગ વધારો થતાં બમ્પર ઉતારાના સંકેત

(પ્રતિનિધિ) આણંદ, તા.૩૦

'છોટે કાશી' તરીકે ઓળખાતા ઉમરેઠના અતિપ્રાચીન સ્વયંભૂ શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરમાં 300 વર્ષથી ચાલી આવતી પરંપરાગત 'આષાઢી તોલાઈ'ની વિધિ સંપન્ન થઈ છે. સંવત 2082ના અષાઢ વદ એકમના પાવન દિવસે થયેલી આ વિધિના વરતારા મુજબ, આગામી વર્ષ '18 આની' રહેવાની લોકમાન્યતા છે, જે કૃષિ અને વરસાદ બંને માટે અત્યંત શુભ સંકેત માનવામાં આવે છે.

આધુનિક આગાહીના યુગમાં પણ અડીખમ લોકઆસ્થા જ્યારે આધુનિક હવામાન વિજ્ઞાન સેટેલાઈટ દ્વારા આગાહી કરે છે, ત્યારે ચરોતરના ખેડૂતો આજે પણ 300 વર્ષ જૂની આ 'વજન આધારિત' પ્રાચીન પદ્ધતિ પર અતૂટ શ્રદ્ધા ધરાવે છે. આ વર્ષે ડાંગરમાં 31 પોઈન્ટનો તોતિંગ વધારો એ માત્ર પાક જ નહીં, પણ 'અનરાધાર અને જળબંબાકાર' વરસાદની પણ આગાહી કરે છે. તલના વજનમાં થયેલો 72 પોઈન્ટનો રેકોર્ડબ્રેક વધારો આ વર્ષે તેલીબિયાંના મબલખ ઉત્પાદન તરફ ઈશારો કરે છે.

પરંપરા મુજબ 10 વસ્તુઓને તોલીને માટીના ઘડામાં રાખવામાં આવી હતી. બીજા દિવસે થયેલા તોલમાપમાં ઘઉંમાં 11, જુવારમાં 10, મગમાં 5 અને કપાસમાં 2 પોઈન્ટનો વધારો નોંધાયો છે. જોકે, બાજરીમાં પોણા ત્રણ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેના ઉત્પાદન પર થોડી અસર પડી શકે છે. માટીનું વજન સ્થિર રહેતા જમીનની ફળદ્રુપતા સામાન્ય રહેવાનો અંદાજ છે. આ પ્રાચીન પરંપરા આજે પણ કૃષિ અર્થતંત્ર માટે આશાનું કિરણ બની રહી છે.

આણંદના સ્વામિનારાયણ મંદિરે ગુરુપૂર્ણિમાની ઉજવણી



સનાતન ધર્મમાં વ્યાસપૂર્ણિમાનું અનોખું મહત્વ સમજી આણંદ બીએપીએસ મંદિરે ઠાકોરજી અને ગુરુવર્યો સમક્ષ વિશેષ અન્નકૂટ ધરાવી ભાવપૂર્વક ગુરુવંદના કરવામાં આવી હતી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સુધીની ઉજ્જવળ ગુરુ પરંપરા પ્રત્યે હરિભક્તોએ ગુરુપૂજન દ્વારા પોતાનું ઋણ અદા કર્યું હતું. ભગવતચરણ સ્વામીએ "અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી" એવા વૈદિક સનાતન સિદ્ધાંત અને ગુરુમહિમાનું નિરૂપણ કરી સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. કોઠારી યજ્ઞસેતુ સ્વામીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ઉત્સવમાં સમગ્ર દિવસ દરમિયાન હરિભક્તોએ દર્શન અને ગુરુવંદનાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આણંદમાં મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે સઘન અભિયાન હાથ ધરાયું



કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા 'મચ્છરમુક્ત ઘર અને સ્વસ્થ પરિવાર'ના સંકલ્પ સાથે મેલેરિયા અને ડેન્ગ્યુ અટકાવવા વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. આરોગ્ય ટીમો દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની તપાસ, ક્લોરીનેશન અને લાવા નાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનમાં સગર્ભા માતાઓની આરોગ્ય સુરક્ષા માટે નિયમિત તપાસ અને રસીકરણ જેવી કામગીરીને પણ કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે. તંત્ર દ્વારા નાગરિકોને દર અઠવાડિયે 'ડ્રાય ડે' ઉજવવા અને સ્વચ્છતા જાળવી રોગમુક્ત સમાજ નિર્માણમાં સહભાગી થવા અપીલ કરાઈ છે.

સામાન્ય સભામાં ૯ કામો સર્વાનુમતે મંજૂર, બાકીદારો સામે કડક કાર્યવાહીનો નિર્ધાર

સોજીત્રા પાલિકામાં ૫.૫ કરોડની બાકી વસૂલાત માટે ભાજપ-કોંગ્રેસ 'એકજૂથ'

સાત દિવસની ડેડલાઈન બાદ નોટિસ અને મિલકત જપ્તી જેવા કડક પગલાંના એંધાણ

(પ્રતિનિધિ) પેટલાદ તા.30

સોજિત્રા નગરપાલિકાની સામાન્ય સભા ગુરૂવારના રોજ યોજાઈ હતી. જેમાં એજન્ડા મુજબ ૯ કામો હાથ ઉપર લેવામાં આવ્યા હતા. જે પૈકી સૌથી મહત્વનો મુદ્દો વેરા વસૂલાતનો હતો. પાલિકામાં વેરા અને ભાડાની બાકી રકમ રૂપિયા સાડા પાંચ કરોડ છે. જેની કડક વસૂલાત હાથ ધરવામાં આવશે. જો સમયસર વેરા અને ભાડા પાલિકામાં ભરશે નહીં તો કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનો ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો.

સોજિત્રા નગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં એજન્ડા મુજબ 9 કામો રજુ કરવામાં આવ્યા હતા. જે પૈકી ગત સભાના પ્રોસિડીંગને બહાલી આપવી, વિવિધ વિભાગોના કામો માટે મંગાવેલ વર્ષ 2026-27ના વાર્ષિક ભાવો મંજુર કરવા, નાની તલાવડીઓને મત્સ્યોદ્યોગ સિવાય હરાજીથી આપવી, મિલકતોના નામ ટ્રાન્સફર માટે આવેલ અરજીઓ મંજુર કરવી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું અમલીકરણ કરાવવું, પાલિકાના બિલ્ડીંગ પાછળની જગ્યાએ રીક્ષા સ્ટેન્ડ બનાવવા વગેરે કામોનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત પાલિકાના સાડા પાંચ કરોડ જેટલી વેરા વસૂલાત બાકી છે. જેની કડક વસૂલાત આગામી સાત દિવસ બાદ શરૂ કરવામાં આવશે. જો બાકીદારો સમયસર વેરા ભરશે નહીં તો તેવા સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજરોજ સભામાં 24 પૈકી 2 સભ્યોના રજા રીપોર્ટ આવ્યેથી ભાજપના 15 અને કોંગ્રેસના 7 સભ્યો હાજર હતા. આજની સામાન્ય સભાના તમામ કામો સર્વાનુમતે મંજુર થયા હતા.

જર્જરીત મિલકત ધારકો સામે કાર્યવાહી થશે

'સોજીત્રા નગરપાલિકા હદ વિસ્તારમાં અનેક મિલકતો જર્જરીત થઈ ગયેલ છે. કેટલીક મિલકતો મુખ્ય રસ્તાઓ અને બજારોમાં આવેલ છે. આ જર્જરીત મિલકત ધારકોને પાલિકા દ્વારા ત્રણ નોટીસ આપવામાં આવશે. છતાં જો તેઓ આવી મિલકતો ઉતારી નહીં લે તો પાલિકા જર્જરીત મિલકતો તોડી પાડશે. આ માટે થનાર ખર્ચ વેરા શાખાને જાણ કરી તેઓની આકારણીમાં ઉમેરી વસૂલ કરવામાં આવશે.'

- દુષ્યંત ભટ્ટ, કારોબારી ચેરમેન, નગરપાલિકા, સોજિત્રા.

ચારુતર આરોગ્ય મંડળના ૫૫મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

સંસ્થામાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વક સેવા બદલ ૧૩ કર્મચારીઓનું અભિવાદન કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

કરમસદ સ્થિત ચારુતર આરોગ્ય મંડળ દ્વારા સંસ્થાના 55મા સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સેવા અને સમર્પણનું સન્માન સ્થાપના દિવસ નિમિત્તે સંસ્થામાં 25 વર્ષથી કાર્યરત 13 કર્મચારીઓને તેમની લાંબી અને નિષ્ઠાપૂર્વકની સેવા બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે પાયાનું યોગદાન આપનાર ડૉ. શિરીષ શ્રીવાસ્તવને 'લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ સેવાઓ માટે 3 તબીબોને 'સ્ટાર ડૉક્ટર્સ' અને ઉજ્જવળ ભવિષ્યની સંભાવના ધરાવતા 3 યુવા તબીબોને 'ઈમર્જીંગ ડૉક્ટર્સ' તરીકે નવાજવામાં આવ્યા હતા.

સ્થાપકના આદર્શો અને આધુનિક દ્રષ્ટિકોણ મંડળના ચેરમેન તારક પટેલે સ્થાપક સ્વ. ડૉ. એચ.એમ. પટેલના મૂલ્યોને યાદ કરતા જણાવ્યું હતું કે, ગત વર્ષ સંસ્થા માટે પરિવર્તનનો કાળ રહ્યો છે, જેણે વિકાસનો મજબૂત પાયો તૈયાર કર્યો છે.

કૃતજ્ઞતાનો ભાવ ટ્રસ્ટી જાગૃત ભટ્ટે આ દિવસને ઋણ સ્વીકારનો દિવસ ગણાવતા તમામ દાતાઓ, પરોપકારી સંસ્થાઓ અને સ્ટાફના યોગદાન બદલ આભાર માન્યો હતો. આ કાર્યક્રમની પૂર્ણાહુતિ રજીસ્ટ્રાર ડૉ. જ્યોતિ તિવારીની આભારવિધિ સાથે થઈ હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદ એસ.ટી. એમ્પ્લોઈઝ ક્રેડિટ સોસાયટીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

નડિયાદ | નડિયાદ ખાતે વિભાગીય નિયામક સી.ડી. મહાજનના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા રજિસ્ટ્રાર પ્રિન્કલબેન કીકાણીની મુખ્ય ઉપસ્થિતિમાં સોસાયટીના ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સોસાયટીના ચેરમેન ભરતસિંહ ઝાલાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું, જ્યારે પૂર્વ ડિરેક્ટરો અને કર્મચારીઓનું સ્મૃતિ ભેટ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના ઉપલક્ષમાં હાજર રહેલા તમામ સભાસદોને સંસ્થા તરફથી ભેટ વિતરણ કરાઇ હતી. રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક ગોરધનભાઈ પ્રજાપતિના સંચાલન હેઠળ યોજાયો હતો.

નડિયાદની સંતરામ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ગૌરી વ્રત નિમિત્તે વેશભૂષા કાર્યક્રમ યોજાયો

નડિયાદ | સંતરામ કેળવણી મંડળ સંચાલિત શ્રી સંતરામ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ (પ્રી.પ્રાઈમરી સેક્શન)માં ગૌરી વ્રતની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નાના બાળકોએ અવનવી અને આકર્ષક વેશભૂષા ધારણ કરી કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ આનંદ વ્યક્ત કર્યો હતો. આ અવસરે મંડળના પ્રમુખ મહંત રામદાસજી મહારાજ તથા સંત નિર્ગુણદાસજી મહારાજે સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતના આશીર્વાદ પાઠવ્યા હતા. શાળા દ્વારા આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં બાળકોમાં વ્રત અને સંસ્કૃતિ પ્રત્યેની જાગૃતિ સાથે ખુશીનું વાતાવરણ જોવા મળ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

સરદાર પટેલ યુનિ.ખાતે મહિલાઓને આત્મનિર્ભર બનાવવા 'રાખડી મેકિંગ વર્કશોપ' યોજાઈ

આણંદ | મણિબેન પટેલ વિમેન્સ સ્ટડીઝ સેન્ટર અને જાગૃત મહિલા સંગઠન દ્વારા ૨૧-૨૨ જુલાઈએ આયોજિત આ તાલીમમાં ૨૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિષ્ણાત સુહાની પટિયારે ઉપસ્થિત રહી બહેનોને વિવિધ આકર્ષક અને ડિઝાઈનર રાખડીઓ બનાવવાની પ્રાયોગિક તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓમાં સર્જનાત્મકતા ખીલવી તેઓ હસ્તકલા દ્વારા સ્વરોજગાર મેળવી આત્મનિર્ભર બને તે માટે પ્રોત્સાહિત કરવાનો હતો. કુલપતિ ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સફળ કાર્યક્રમનું સંકલન ડો. વિરાજ રોઘેલિયા અને આશાબેન દલાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કપડવંજના શિક્ષક સંજય મકવાણાનું 'સવગુણ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ'થી સન્માન કરાયું

કપડવંજ | કપડવંજ તાલુકાની બારીયાના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક સંજય મકવાણાને તેમની વિશિષ્ટ કામગીરી બદલ 'સવગુણ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. શિક્ષણમંત્રીશ્રી, મંત્રી ડો. પ્રધુમન વાજા અને મહંત શંભુનાથ ટુંડીયાના હસ્તે તેઓને આ ગૌરવશાળી એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્ય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળમાં રાજ્ય કારોબારી સભ્ય તરીકેની તેમની ઉત્કૃષ્ટ સેવાઓને આ તબક્કે બિરદાવવામાં આવી હતી. આ સિદ્ધિ બદલ કપડવંજ તાલુકા અને જિલ્લાના શિક્ષકો તેમજ શિક્ષણપ્રેમીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

કપડવંજની વ્યાસ વાસણાની વિદ્યાલયમાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી

કપડવંજ | કપડવંજની એસ.આઈ. પટેલ વિદ્યાલય ખાતે સરસ્વતી વંદના અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વક્તવ્ય અને કાવ્યગાન દ્વારા શિક્ષકોના રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાનને બિરદાવી પોતાના ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે આચાર્યશ્રીએ પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું અને શિક્ષણસેવાનું પ્રથમ વર્ષ પૂર્ણ કરનાર શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે વધુ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાનો સંકલ્પ લીધો હતો.

કપડવંજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુ વંદના' કાર્યક્રમ યોજાયો

કપડવંજ | કપડવંજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વિવિધ શિક્ષણવિદો અને ધર્મગુરુઓનું સન્માન કરવાનો 'ગુરુ વંદના' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આર્ટ્સ-કોમર્સ અને સાયન્સ કોલેજના આચાર્યો તેમજ શાળાના શિક્ષકોની ચરણ વંદના કરી તેમને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. શહેર યુવા મોરચાના પ્રમુખ રિતુલ તલાટીની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ડો. હેમાંગ જોશીની સૂચના મુજબ ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ હતી. આ કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહ્યા હતા.

આંકલાવ તાલુકા પંચાયતમાં જન પ્રતિનિધિઓ માટે પ્રશિક્ષણ શિબિર યોજાઈ

આંકલાવ | આંકલાવ તાલુકા પંચાયત દ્વારા નવનિયુક્ત જન પ્રતિનિધિઓ માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન ધારાસભ્ય અમિતભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન પટિયાર, ઉપપ્રમુખ કનુભાઈ ઠાકોર અને APMC ચેરમેન મનુભાઈ પટિયાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ચૂંટાયેલા વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓને તેમના કાર્યો અને જવાબદારીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો અને પંચાયત કર્મચારીઓ હાજર રહ્યા હતા.

વિદ્યાનગરની આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA)માં ૨૯ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન બ્રહ્માકુમારી જાગૃતિબેને વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુના અદ્વિતીય સ્થાન અને સંસ્કારોનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગૌરીવ્રત સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામો એનાયત કરાયા હતા અને બી.એડ. તાલીમાર્થી બહેનોએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આચાર્ય ભાવેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમના અંતે શ્રીમતી રેખાબેન સાધુએ આભારવિધિ કરી હતી.

આણંદ શહેરની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ગુરુ-શિષ્ય પરંપરાના પાવન પર્વ ગુરુપૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ ગુરુઓને કુમકુમ તિલક અને પુષ્પ અર્પણ કરી તેમના આશીર્વાદ મેળવી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. શાળાના પ્રિન્સિપાલ અને સુપરવાઇઝરે ગુરુને જીવનના અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જનાર સાચા પથદર્શક ગણાવ્યા હતા. વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન કરતા આ સફળ કાર્યક્રમ બદલ સંસ્થા પરિવારે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

લુણાવાડામાં ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુ સન્માન કાર્યક્રમ' યોજાયો

લુણાવાડા | મહીસાગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા લુણાવાડા ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે પરંપરાગત રીતે ગુરુજનો પ્રત્યે આદર વ્યક્ત કરતો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે લુણાવાડા કોલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રોફેસર જે. પી. ચૌધરી સહિત તમામ પ્રાધ્યાપકોનું શાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ વિનયભાઈ બારીયાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુનું મહત્વ સમજાવતું પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં સંગઠનના વિવિધ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવવંતો બનાવ્યો હતો.

બાકોર-પાંડરવાડાની શાળાઓમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી-કેશ ગુંફન સ્પર્ધા યોજાઈ

લુણાવાડા | બાકોર-પાંડરવાડાની કે.એમ. દોશી અને સંત તુલસીદાસજી હાઈસ્કૂલમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી અને કેશ ગુંફન સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરાયું હતું. આચાર્ય એચ.એ. જોશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ હરીફાઈમાં શાળાની કુલ 63 વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાના અંતે વિજેતા બહેનોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો અને પ્રોત્સાહક ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન દ્વારા વિદ્યાર્થીનીઓને પોતાની કૌશલ્ય શક્તિ ખીલવવાની સાથે નવી પ્રેરણા અને જ્ઞાન પ્રાપ્ત થયું હતું.